:: વેચાણ દસ્તાવેજ ::

અવેજ રૂા................../– પુરાનો

સુરત ડીસ્ટ્રીકટ મજુરા સબ–ડીસ્ટ્રીકટના **મોજે : વેસુ**ના જુનો સર્વે નં. ૧૪૪, રી–સર્વે નં. ૮૩ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ : ૮૭૦૦–૦૦ ચો.મી. છે તે જમીન કે જેને ટી.પી. સ્કીમ નં. ૨ (વેસુ–ભરથાણા–વેસુ) લાગુ પડતા ફાયનલ પ્લોટ નં. ૪૮ ફાળવવામાં આવેલ છે અને જેનું ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ : ૬૩૧૫–૦૦ ચો.મી. થયેલ છે તે બીનખેતીની જમીનમાં બાંધવામાં આવેલ **"TRIYOM PALACE"** ના **બિલ્ડીંગ નં.**......... ના .... **માળ** ઉપર આવેલ **ફલેટ નં.**........... વાળી મિલકત કે જેનો બીલ્ટઅપ એરીયા : .... ચો.મી. અને કારપેટ એરીયા : .... ચો.ફુ. છે તે મિલકતનો **રૂા**................./– **(અંકે રૂપિયા** ....**)** પુરાનો વેચાણ દસ્તાવેજ.

×===×===×===×===×===×===×===×===×===×===×

સવંત : ૨૦૭૮ ના ને વાર :
, તારીખ : મી, માહે : , સને : ૨૦૨૨ ના અંગ્રેજી દિને......

<u>આ વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર યાને પહેલાપક્ષના યાને વેચાણ રાખનાર :–</u>

શ્રી
ઉ.આ.વ. : , ધંધો : , જાતના :
રહેવાસી :
PAN :

(જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજના લેખમાં વેચાણ રાખનાર અગર તમો તરીકે સંબોધવામાં આવેલ છે, જેઓના સંપૂર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં વેચાણ રાખનાર પોતે તથા તેઓના વંશવાલી વારસો, ટ્રાન્સફરી, એસાઈની, એકઝીકયુટર્સ, એડમીની સ્ટ્રેટર્સ, સકસેસર્સ ઈત્યાદી તમામનો સમાવેશ થઈ જાય છે.)
<u>જોગ લી....</u>

<u>આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર યાને બીજાપક્ષના યાને વેચાણ આપનાર :–</u>

"M/S. TRIYOM PALACE" (એક ભાગીદારી પેઢી જેનું ઠેકાણું : ૩૦૦૩, વર્લ્ડટ્રેડ સેન્ટર, ઉધના દરવાજા, સુરત મુકામે આવેલ છે તે પેઢી) વતી તથા તેના ભાગીદારો :– PAN : AASFT2244H.

(૧) સુરેશકુમાર શંભુભાઈ ગોંડલીયા, જાતના : હિન્દુ, ઉ.આ.વ. ૪૬, ધંધો : વેપાર, રહેવાસી : ૧૦૧, સંત તુકારામ સોસાયટી, ભટાર રોડ, અલથાણ, સુરત.

(૨) શંભુભાઈ આંબાલાલ ગોંડલીયા, જાતના : હિન્દુ, ઉ.આ.વ. ૭૧, ધંધો : વેપાર, રહેવાસી : એજન.

(જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજના લેખમાં વેચાણ આપનાર અગર અમો તરીકે સંબોધવામાં આવેલ છે, જેઓના સંપૂર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં વેચાણ આપનાર સદરહુ પેઢીના ભાગીદાર તરીકે પોતે તથા વખતો વખતના ભાગીદારો

FOR TRIYOM PALACE

PARTNER

તેઓના વંશવાલી વારસો, ટ્રાન્સફરી, એસાઈની, એકઝીકયુટર્સ, એડમીની સ્ટ્રેટર્સ, સકસેસર્સ ઈત્યાદી તમામનો સમાવેશ થઈ જાય છે.)

જત આપણે બંને પક્ષકારો વચ્ચે તા. .... નાં રોજ કબજા વગરનો રજીસ્ટર્ડ સાટાખત યાને વેચાણનો કરાર થયેલ છે. જે કબજા વગરનો વેચાણનો કરાર મે. સુરતનાં સબ–રજીસ્ટ્રારશ્રી સુરતસીટી–૧ (અઠવા) ની કચેરીમાં અનુક્રમ નં. ...., તા. .... થી નોંધવામાં આવેલ છે. જેની તમામ શરતોનું આપણે બંને પક્ષકારો દ્વારા ચુસ્તપણે પાલન કરવામાં આવેલ છે અને તમામ શરતો બંને પક્ષકારો દ્વારા પુર્ણ કરવામાં આવેલ છે જેથી સદરહું સાટાખતનાં ભાગરૂપે આજરોજ આ વેચાણ દસ્તાવેજને આપણે બંને પક્ષકારોએ નોંધાવવાનું નકકી કરેલ છે.

સુરત ડીસ્ટ્રીકટ, સબ–ડીસ્ટ્રીકટ સુરત સીટી–૧ (અઠવા) નાં મજુરા તાલુકા શહેર સુરતનાં મોજે : વેસુનાં જુના સર્વે નંબર : ૧૪૪ ક્ષેત્રફળ હે. ૦–૮૭–૦૦ ચો.મી. વાળી જમીનનાં રેવન્યુ રેકર્ડ મુજબ સને ૧૯૬૫ ની સાલ અગાઉ મુળ માલીક પ્રેમાભાઈ ઉર્ફે બુધિયાભાઈ રામજીભાઈ હતા. જેમણે સદરહુ જમીન સહીત અન્ય જમીનોની તેઓનાં પુત્રો સાથે કૌટુંબીક વહેંચણ કરતા સદરહુ જમીન તેમનાં પુત્ર જગજીવનભાઈ બુધિયાભાઈને હિસ્સે પ્રાપ્ત થયેલી. જેની ગામ દફતરે એન્ટ્રી નં. ૪૯૬, તા. ૨૨–૩–૬૫ થી નોંધ થઈ તે નોંધ પ્રમાણીત કરવામાં આવેલી. ત્યારબાદ સદરહુ જમીનનાં માલીક જગજીવનભાઈ બુધિયાભાઈ તા. ૨–૩–૭૧ નાં રોજ બીનવસીયતે ગુજરી જતા તેમનાં સીધીલીટીનાં વારસો કાશીબેન તે જગજીવનભાઈ બુધિયાભાઈની વિધવા તથા ભરતભાઈ જગજીવનભાઈનું નામ વારસાઈ હકકે દાખલ કરવામાં આવેલ. જેની ગામ દફતરે એન્ટ્રી નં. ૧૧૦૧, તા. ૨૬–૧૦–૮૦ થી નોંધ થઈ તે નોંધ પ્રમાણીત થયેલી. ત્યારબાદ સદરહુ જમીનનાં માલીકો કાશીબેન તે જગજીવનભાઈ બુધિયાભાઈની વિધવા તથા ભરતભાઈ જગજીવનભાઈએ સદરહુ જમીન તા. ૧૨–૮–૯૯ નાં રોજનાં રજી. વેચાણ દસ્તાવેજથી રાજુભાઈ ગીજુભાઈ પટેલ, કિરીટભાઈ ગીજુભાઈ પટેલ, કમલેશભાઈ ધનસુખભાઈ પટેલ તથા અજય ધનસુખભાઈ પટેલને વેચાણ આપેલી. જેની ગામ દફતરે એન્ટ્રી નં. ૨૩૦૮, તા. ૮–૯–૯૯ થી નોંધ કરવામાં આવેલી અને તે નોંધ પ્રમાણીત થયેલી. ત્યારબાદ સદરહુ જમીનનાં માલીકો રાજુભાઈ ગીજુભાઈ પટેલ વિગેરેનાંએ સદરહુ જમીન તા. ૨–૨–૦૨ નાં રોજનાં રજી. વેચાણ દસ્તાવેજથી છગનભાઈ આંબાભાઈ ગોંડલીયા, હરજીભાઈ આંબાભાઈ ગોંડલીયા, હંસરાજભાઈ આંબાભાઈ ગોંડલીયા તથા શંભુભાઈ આંબાભાઈ ગોંડલીયાને વેચાણ આપેલી. જેની ગામ દફતરે એન્ટ્રી નં. ૨૭૪૯, તા. ૧૪–૨–૦૨ થી નોંધ થઈ તે નોંધ પ્રમાણીત કરવામાં આવેલી. ત્યારબાદ ત્યારબાદ વેસુ ગામનો સમાવેશ સુરતસીટી તાલુકામાં કરવામાં આવતા તેને ચોર્યાસી તાલુકામાંથી કમી કરી સીટી તાલુકામાં સમાવેશ કરવામાં આવેલ. જે પ્રાદેશિક ફેરફારની ગામ દફતરે એન્ટ્રી નં. ૪૪૮૭, તા. ૨૬–૧૨–૦૬ તથા એન્ટ્રી નં. ૪૪૮૮, તા. ૨૨–૧૨–૦૬ થી નોંધ થઈ નોંધ પ્રમાણીત થયેલી. ત્યારબાદ સદરહુ જમીનનો સમાવેશ ટાઉન પ્લાનીગ સ્કીમ નં. ૨ (વેસુ–ભરથાણા–વેસુ) માં કરવામાં આવતા તેને ફાયનલ પ્લોટ નં. ૪૮ ફાળવવામાં આવેલ અને ફાયનલ પ્લોટ અન્વયેનું ક્ષેત્રફળ ૬૩૧૫ ચો.મી. ફાળવવામાં આવેલ છે. ત્યારબાદ છગનભાઈ આંબાભાઈ ગોંડલીયા વિગેરેનાંએ સદરહુ જમીનને બીનખેતીની કરવા અંગેની અરજી મે. કલેકટરશ્રી સુરતને કરતા તેમણે તેઓનાં હુકમ નં. એ/બખ/એસ.આર. નં. ૭૦૭/૧૮/આઈ.ડી. નં. ૪૩૧૫૧૭/વશી. ૧૧૫ થી

FOR TRIYOM PALACE

PARTNER

૧૨૫/૧૯, તા. ૩૧–૧–૧૯ થી બીનખેતીની પરવાનગી આપેલી. જેની ગામ દફતરે એન્ટ્રી નં. ૮૯૯૦, તા. ૮–૨–૧૯ થી નોંધ થઈ તે નોંધ પ્રમાણીત કરવામાં આવેલી. ત્યારબાદ સદરહુ જમીનનાં માલીક છગનભાઈ આંબાભાઈ ગોંડલીયા તથા શંભુભાઈ આંબાભાઈ ગોંડલીયા તથા હંસરાજભાઈ આંબાભાઈ ગોંડલીયા તથા હરજીભાઈ આંબાભાઈ ગોંડલીયા વચ્ચે તેઓની સહીયારી માલીકીની જમીનો અંગે એક વહેંચણનો દસ્તાવેજ કરવામાં આવેલ. જે વહેંચણનો દસ્તાવેજ મે. સુરતનાં સબ–રજીસ્ટ્રારશ્રી સુરત–૧ (અઠવા) ની કચેરીમાં અનુક્રમ નં. ૮૦૫૧, તા. ૧૩–૫–૨૨ થી નોંધવામાં આવેલ. જે રજી. વહેંચણ આધારે સદરહુ જમીન શંભુભાઈ આંબાભાઈ ગોંડલીયા (એચ.યુ.એફ.) ને હિસ્સે પ્રાપ્ત થયેલી. જેની ગામ દફતરે એન્ટ્રી નં. ૧૦૧૪૪, તા. ૨૦–૫–૨૨ થી નોંધ થઈ તે નોંધ પ્રમાણીત કરવામાં આવેલી. ત્યારબાદ શંભુભાઈ આંબાભાઈ ગોંડલીયા (એચ.યુ.એફ) નાંએ સદરહુ જમીન રજી. વેચાણ દસ્તાવેજથી **"M/S. TRIYOM PALACE"** એક ભાગીદારી પેઢી જેનું ઠેકાણું : ૩૦૦૩, ત્રીજો માળ, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, ઉધના દરવાજા નજીક, રીંગરોડ, સુરત મુકામે આવેલ છે તે પેઢીને વેચાણ આપેલ હતી. જેનો વેચાણ દસ્તાવેજ મે. સુરતનાં સબ–રજીસ્ટ્રારશ્રી સુરત–૧ (અઠવા) ની કચેરીમાં અનુ. નં. ...., તા. ૧૨–૯–૨૨ નાં રોજ નોંધાયેલ છે. જેની ગામ દફતરે એન્ટ્રી નં. .... તા. .... થી નોંધ કરવામાં આવેલી અને તે નોંધ તા. .... નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ. ત્યારથી જ હમો બીજા પક્ષના સદરહુ જમીનનાં એકલા, કુલ અને સ્વતંત્ર માલીક તથા પ્રત્યક્ષ કબજેદાર થયેલા અને ચાલી આવેલા છીએ.

સદરહુ ફાયનલ પ્લોટ નં. ૪૮ વાળી જમીન અંગેના બાંધકામના પ્લાન સુરત મહાનગરપાલિકા તરફથી મંજુર કરવામાં આવેલ અને રજાચિઠ્ઠી નં. ...., તા. .... ના રોજથી આપવામાં આવેલ છે.

સદરહુ જમીન અંગે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, ગાંધીનગર તરફથી એન્વાયરમેન્ટ કલીયરન્સ નં.________________, તા. .... ના રોજ સર્ટીફીકેટ આપવામાં આવેલ.

સદરહુ જમીન અંગે એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, પશ્ચિમ રીજીયન તરફથી તેઓના પત્ર ક્રમાંક : ______________, તા. .... ના રોજથી હાઈટ કલીયરન્સ અંગેનું સર્ટીફીકેટ આપવામાં આવેલ છે.

સદરહુ મિલકત તળેની જમીન યાને મોજે વેસુના જુના સર્વે નં. ૧૪૪, રી–સર્વે નં. ૮૩, ટી.પી. સ્કીમ નં. ૨ (વેસુ–ભરથાણા–વેસુ) ફાયનલ પ્લોટ નં. ૪૮ વાળી જમીન ઉપર બાંધવામાં આવેલ રહેણાંકના હેતુ માટેનો પ્રોજેક્ટ "TRIYOM PALACE" માટે (ગુજરાત) રીયલ એસ્ટેટ રેગ્યુલેશન ઓથોરીટી (રેરા) ના જનરલ એકટ –૨૦૧૬ મુજબ રેરા રજીસ્ટ્રેશન નંબર .... તા. / /૨૦૨૨ થી નોધણી કરાવવામાં આવેલ છે .

સદરહુ જમીન યાને ફાયનલ પ્લોટ નં. ૪૮ વાળી જમીનમાં મંજુર થયેલ પ્લાન મુજબ અમો વેચાણ આપનારે **"TRIYOM PALACE"** ના નામે અલગ અલગ ..... (......)હાઈરાઈઝ બિલ્ડીગોનું બાંધકામ કરેલ છે અને જે પૈકી **બિલ્ડીંગ નં**......... ના ...... **માળ** ઉપર આવેલ **ફલેટ નં**.......... વાળી મિલકત અમો વેચાણ આપનારે તમો વેચાણ રાખનારને કારપેટ એરીયા મુજબનું ક્ષેત્રફળ : .... ચો.ફુ. જેનો પ્રતિ ચોરસ

FOR TRIYOM PALACE

PARTNER

ફુટ ભાવ રૂા........./– નકકી કરેલ છે જેની કુલ વેચાણ કિંમત **રૂા**............../– **(અંકે રૂપિયા ....)** પુરાથી વેચાણ આપેલ છે, જે વેચાણ અવેજની પુરેપુરી રકમ તમો વેચાણ રાખનારે અમો વેચાણ આપનારને નીચે જણાવેલ વિગતથી ચુકવી આપેલ છે, જે મળી ગયા બદલની અમો વેચાણ આપનાર આથી લેખીત પહોંચ સ્વીકારીએ છીએ.

–::વિગત::–

અ.નં.	બેંકનું નામ	ચેક નંબર	તારીખ	રકમ (રૂા.)

સદરહુ મિલકતના વેચાણ અવેજની પુરેપુરી રકમ તમો વેચાણ રાખનારે અમો વેચાણ આપનારને ચુકવી આપેલ છે, જે વેચાણ અવેજની રકમ નહી મળ્યાની કે ઓછા મળ્યાની અમો વેચાણ આપનારે કે અમારા વંશવાલી વારસોએ કોઈપણ પ્રકારની તર–તકરાર કરવા કરાવવાની નથી. તેમ છતાં જો તેવી તર–તકરાર અમો વેચાણ આપનાર કે અમારા વંશવાલી વારસો તરફે કરવા કરાવવામાં આવે તો તે આ વેચાણ દસ્તાવેજની રૂએ રદ બાતલ થાય સહી.

સદરહુ તમો વેચાણ રાખનારના કિંમતી અવેજના બદલામાં સદરહુ મિલકત અમો વેચાણ આપનારે તમો વેચાણ રાખનારને હરહંમેશ તથા કાયમના માટે અંદરના તથા બહારના તમામ હકકો સહીત વેચાણ આપેલ છે. આમ સદરહુ મિલકત અમારા કાયદેસરના માલીકીપણામાંથી કાઢી તમારા કાયદેસરના માલીકીપણામાં તથા કબજા વહીવટ ભોગવટા હેઠળ સુપ્રત કરેલ છે.

સદરહુ મિલકતના વેચાણ અવેજની પુરેપુરી રકમ સ્વીકારી અમો વેચાણ આપનારે સદરહુ અમારી માલીકીની મિલકતનો કાયદેસરનો કબજો તમારા કાયદેસરના માલીકીપણામાં સુપ્રત કરી દીધો છે, જેથી સદરહુ મિલકતમાં તમો વેચાણ રાખનાર જાતે વેચાણ કરો, બક્ષીસથી આપો, ગીરો મુકો, ટ્રાન્સફર કરો કરાવો તેમજ તમો વેચાણ રાખનારની મરજીમાં આવે તે પ્રમાણેની વ્યવસ્થા, સંચાલન કરો કરાવો તેમાં અમો વેચાણ આપનારે કે અમારા વંશવાલી વારસોએ કોઈપણ પ્રકારની તર–તકરાર કરવા કરાવવાની નથી.

સદરહુ મિલકત તદ્દન નબોજી, નકર્જી, નજોખમી અને માર્કેટેબલ ટાઈટલ્સ વાળી છે. સદરહુ મિલકત અમોએ કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય રીતે તબદીલ કરી કરાવી આપેલ નથી. તેમજ તેવા કોઈપણ પ્રકારના લખાણો કરી આપેલ નથી. તેમજ તેવા લખાણો કરી કરાવી આપવા નકકી કરેલ નથી. સદરહુ મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારના ખાધા ખોરાકીનો, પોષાકીનો હકક, હીસ્સો કે અધિકાર નથી. તેમજ સદરહુ મિલકત અમોએ કોઈને જામીન તરીકે જામીનગીરીમાં લખી આપેલ નથી. સદરહુ મિલકતમાં કોઈનો કોઈપણ

FOR TRIYOM PALACE

PARTNER

પ્રકારનો રહેઠાણ કે જવા આવવાના રસ્તાનો કે ઈઝમેન્ટનો હકક નથી. તેમજ સદરહુ મિલકત કોઈપણ પ્રકારના સંપાદન હેઠળ નથી. તેમજ તેવી કોઈ નોટીસ અમોને આજદિન સુધી મળી નથી. આમ સદરહુ મિલકતમાં અમો વેચાણ આપનાર સિવાય કોઈનો હકક હીસ્સો કે અધિકાર રહેલો નથી.

સદરહુ મિલકત હાલ ગ્રામ પંચાયતના દફતરે કે જી.ઈ.બી. તથા અન્ય સરકારી દફતરે આજરોજથી કમી કરી કરાવી સદરહુ મિલકતમાં તમારૂ નામ માલીક મુખત્યાર તરીકે તમારા ખર્ચે દાખલ કરી કરાવી શકો સહી. તેમજ તેવી કાર્યવાહીમાં અમો વેચાણ આપનારની જયાં જયાં સહી સંમતિ, કબુલાત વિગેરેની જરૂર જણાય ત્યાં ત્યાં અમોએ જરૂરી સહી સંમતિ કબુલાત વિગેરે આપવાની રહેશે સહી.

સદરહુ મિલકત જે બિલ્ડીગમાં આવેલ છે તેમાં આવેલ તમામ કોમન ફેસીલીટી યાને રાસુકી સગવડો જેવી કે પાર્કિંગ વિગરેના ઉપયોગ તમો વેચાણ રાખનારે અન્ય ફલેટ હોલ્ડર્સો સાથે સમજીને કરવાનો રહેશે. તેમજ કોમન ફેસીલીટી યાને રાસુકી સગવડોને નુકશાન થાય તેવું કૃત્ય તમોએ કરવાનું નથી કે તેના ઉપયોગમાં ન્યુનતા કે અંતરાય ઉભી કરવાની નથી.

સદરહુ મિલકતમાં તમો વેચાણ રાખનારે ચાલુ બાંધકામે કે પઝેશન લીધા બાદ અંદરથી કે બહારથી બાંધકામને લગતો કોઈપણ ફેરફાર કરવા કરાવવાનો નથી અને છતાં પણ જો તેવો ફેરફાર તમો વેચાણ રાખનાર ધ્વારા કરવા કરાવવામાં આવશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી તમો વેચાણ રાખનારની તથા અન્ય સભાસદોની રહેશે અને બિલ્ડીગનું એલીવેશન એક સરખુ રહે તે હેતુથી ફલેટની બહારની વિન્ડોગ્રીલ જે ફીકસ ડીઝાઈનની બનાવીને આપી છે તે મુજબનીજ ડીઝાઈન અને કલરની બનાવવાની રહેશે અને ડી.જી.વી.સી.એલ. ના મીટર કનેકશનનો તમામ ખર્ચ, ફર્નિચર, પી.ઓ.પી., ટેલીફોન, એસ.એમ.સી. ટેક્ષ, ડેવલોપમેન્ટ ચાર્જ, વિશેષ ધારાની રકમ, ગેસ લાઈન, ગ્રીલ, સોસાયટી મેઈન્ટેનન્સ, સોસાયટી ફોર્મેશન, લીગલ ડોકયુમેન્ટ, લીગલ ફાઈલ, સર્વિસટેક્ષ/જી.એસ.ટી., વેટ (જો લાગુ પડે તો) ખરીદનારે અલગથી ભરપાઈ કરવાનો રહેશે.

અમો વેચાણ આપનારે સદરહુ મિલકતમાં નકકી થયા મુજબ બાંધકામ કરી સદરહુ મિલકતનો પ્રત્યક્ષ કબજો તમો વેચાણ રાખનારને સુપ્રત કરેલ છે. મજકુર મિલકત અંગે કોઈ પ્રકારની બાંધકામ કે તેને સંલગ્ન કોઈ કામગીરી બાકી નથી. તેમજ મજકુર બાંધકામ અને તેની સંલગ્ન તમામ કામગીરી બાબતે તમો વેચાણ રાખનારને સંપૂર્ણ સંતોષ થયેલ છે અને તે તમામ તમોએ જાતે તથા તે બાબતોના નિષ્ણાંત જાણકારી ધરાવનાર પાસે તપાસ કરી/કરાવીને, ખાતરી કરી/કરાવીને જોઈ તપાસી લઈને સદરહુ મિલકતનો કબજો પણ મેળવી લીધેલ છે. નકકી થયા મુજબની તમામ કામગીરી તમામ પ્રકારે સંપૂર્ણ રીતે પરિપુર્ણ થયેલી છે. તેમજ બાંધકામ તથા તેમાં વપરાશમાં લેવામાં આવેલ તમામ માલ–સામાન, સામગ્રી, ફીટીગ્સ, ફિકસચર્સ વિગેરે યોગ્ય ગુણવત્તા વાળા છે અને તે તમામ બાબતે સંપૂર્ણ રીતે સંતોષ કારક માલુમ પડેલ છે અને તે બાબતે તમોને કોઈપણ પ્રકારની ફરીયાદ તકરાર નથી. સદરહુ મિલકત તમો પહેલા પક્ષનાને કબજો સોપ્યાની તારીખથી ૫ વર્ષ સુધી સ્ટ્રકચરલની ખામી થયેલ હોયતો તે અમો બીજાપક્ષના પોતાના ખર્ચે કરાવી આપશે પરંતુ સદરહુ મિલકતમાં તમો પહેલાપક્ષનાં અંદરથી કે બહારથી બાંધકામને લગતો કોઈપણ

FOR TRIYOM PALACE

PARTNER

ફેરફાર કરવા કરાવવાનો નથી તેમજ એસી, કીચન ચીમની કે અન્ય કોઈપણ પ્રકારનાં ઈલેકટ્રોનીક કે અન્ય ઉપકરણો ફીટીંગ કરવા માટે કોઈપણ આર.સી.સી. કામ, બીમ–કોલમ–સ્લેબ–દિવાલ–પીલર–ફલોરીંગ–આર.સી.સી.પરદી, દાદર અને કોમન પેસેજમાં તોડફોડ, સળિયા કટીંગ કે હોલ કટીંગ, કોર કટીંગ કરાવવા નહી અને તેમાં કોઈપણ પ્રકારની સ્ટ્રકચરલ ખામી ઉદભવે કે બાંધકામની ગુણવત્તામાં કોઈપણ ખામી ઉદભવે તેવા કૃત્યો પહેલાપક્ષનાએ કરાવા કરાવવાના નથી અને તેવા કોઈપણ મોટા ફેરફાર કરવા પડે તો બીજા પક્ષનાની લેખીત પરવાનગી તથા સદરહુ પ્રોજેકટના સ્ટ્રકચરલ એન્જીનીયર વિગરેની લેખિત પરવાનગીથી કરવાની છે સહી અને જો તેમ કરવા કરાવવામાં પહેલાપક્ષના ધ્વારા કસુર કરવામાં આવે તો તે અંગેની તમામ નુકસાની પહેલાપક્ષનાએ ભોગવવાની છે સહી. સદરહુ મિલકતમાં અમો બીજાપક્ષનાની પરવાનગી વિના સ્ટ્રકચર કે બાંધકામમાં ફેરફાર કરવામાં આવેલ હશે તો તે અંગેની તમામ જવાબદારી તમો પહેલાપક્ષના અને સોસાયટીની રહેશે.

સદરહુ મિલકતનો ઉપયોગ તમોએ ફકત રહેઠાણ માટે જ કરવાનો રહેશે અને તે સિવાયનો ઉપયોગ તમોએ કરવાનો નથી. સદરહુ મિલકતમાંથી તમોએ કોઈપણ વસ્તું નીચે ફેકવાની નથી કે જેથી કરીને અન્ય હોલ્ડર્સોને કે બિલ્ડીંગ પાસે આવેલ સભાસદોને કોઈ અડચણરૂપ થાય તેમજ આવવા જવામાં તકલીફ ઉપસ્થિત થાય તેવુ કૃત્ય તમોએ કરવા કરાવવાનું નથી. સદરહુ મિલકત જે બિલ્ડીંગમાં આવેલ છે તેના તમામ પેસેજો ખાલી રાખવાના રહેશે. તેમજ પેસેજોમાં કોઈપણ હોલ્ડર્સે કોઈપણ પ્રકારની વસ્તુઓ મુકવાની નથી.

સદરહુ મિલકત તળેની જમીન અંગે તમોને અલગ આપેલ બુકલેટમાં દર્શાવ્યા પ્રમાણેના પ્લાનમાં જે રોડ રસ્તાની જગ્યા બતાવવામાં આવેલ છે. જેમાં તમોએ કોઈપણ પ્રકારનું બાંધકામ કરવા કરવાનું નથી. તેમજ અન્ય હોલ્ડર્સોને જવા આવવામાં અડચણ ઉપસ્થિત થાય તેવું કૃત્ય તમોએ કરવા કરાવવાનું નથી. સદરહુ રોડ રસ્તાની જગ્યાનો વપરાશ તમોએ ફકત આવવા જવાના હકકો માટે, વીજળી કનેકશન માટે, ડ્રેનેજ લાઈન લેવા માટે, ટેલીફોનના થાંભલા, કેબલ નાંખવા માટે અન્ય હોલ્ડર્સો સાથે સહીયારો કરવાનો રહેશે. તેમજ સદરહુ મિલકત તળેની જમીનમાં તમોને અલગ આપેલ બુકલેટમાં દર્શાવ્યામાં પ્રમાણે છોડવામાં આવેલ કોમન ઓપન પ્લોટનો વપરાશ તમોએ અન્ય હોલ્ડરો સાથે સહીયારો કરવાનો રહેશે સહી. તેમજ કોમન ઓપન પ્લોટમાં માલીકી હકક મેળવવા તમોએ કે અન્ય કોઈપણ હોલ્ડર્સે કોઈપણ પ્રકારની તર–તકરાર ઉપસ્થિત કરવા કરાવવાની નથી. તેમ છતાં કરવા કરાવવામાં આવે તો તે આથી રદ બાતલ થાય સહી.

સદરહુ મિલકત જે બિલ્ડીગમાં આવેલ છે તે બિલ્ડીગમાં આવેલ તમોને વેચાણ આપેલ ફલેટનો એરીયા અને જેમાં આવેલ વિવિધ રૂમો, ટોઈલેટ, બાલ્કની સાથે બનાવી આપેલ છે જે બુકીંગ સમયે જણાવેલ અને પ્રોજેકટ માટે પ્રકાશિત કરેલ માહિતી (બ્રોશરમાં) આપ્યા મુજબની સહીયારી વપરાશની જાળવણી તમોએ અન્ય સભ્યો સાથે ભેગા મળી કરવાની રહેશે. તે ઉપરાંત "TRIYOM PALACE" ની અન્ય સહીયારી સગવડતાઓ જેવી કે એન્ટ્રન્સ ગેટ, સીકયુરીટી કેબીન, ચીલ્ડ્રન સ્કુલ વાન વેઈટીંગ, દરેક બિલ્ડીંગમાં રીશેપ્સન (એ.સી. ગ્લાસ ડોર), ગાર્ડન વ્યુ સીટીંગ, જોગીંગ ટ્રેક, સીનીયર સીટીઝન સીટીંગ, લોન, મલ્ટીપલ કોર્ટ, પેવેલીયન/ગઝેબો, ફાઉન્ટેન, બાસ્કેટ બોલ કોર્ટ, વોલીબોલ કોર્ટ, એમ્પીથીયેટર એન્ડ ડાયસ સીટીંગ, રેમ્પ ફોર સેલર, પાર્કિંગ, સ્વીમીંગ પુલ (કીડસ એન્ડ

FOR TRIYOM PALACE

PARTNER

એડલ્ટ), પરગોલા, આઉટડોર સીટીગ, કીડ્સ ઝોન, ક્રિકેટ પીચ વીથ નેટ, લાઈફ સાઈઝ સ્નેકસ એન્ડ લેધર, નેઈમ પ્લેટ, જનરેટર, સોસાયટી ઓફીસ, કોમન લાઈટ, વોટર ટેન્ક, પરકોલેટીગ બોરવેલ અમો વેચાણ આપનારે તૈયાર કરી આપેલ છે તે તમામની વપરાશ તથા તેની જાળવણી "TRIYOM PALACE" પ્રોજેકટના તમામ માલીકોએ સાથે મળીને કરવાની રહેશે. મજકુર "TRIYOM PALACE" પ્રોજેકટની કોમન ફેસીલીટીઝના મેઈન્ટેનન્સ, રીપેરીગ ખર્ચ, સાફ સફાઈ ખર્ચને લગતા તમામ ખર્ચાઓ તેમજ "TRIYOM PALACE" ની અન્ય સહીયારી સગવડતાઓ જેવી કે ફાયર સેફટી, લીફટ, મેપ ગાઈડલાઈન બોર્ડ, ટેકર્સર્ડ સાથે આઉટર કલર, આર.સી.સી. રોડ, મેઈન એન્ટ્રીગેટ ઉપરની સીકયુરીટીઝ, કંપાઉન્ડ વોલ, કંપાઉન્ડ વોલમાં આવેલ લાઈટ પોલ, સોસાયટીના આર.સી.સી. રોડ, કોમન લાઈટો, સી.સી.ટી.વી. કેમેરા વિગેરે જાળવણી તથા વપરાશી ખર્ચ, વેરાઓ, ચાર્જીસ ખર્ચ વિગેરે તમોએ તથા "TRIYOM PALACE" નાં બાકીના સભ્યો તથા કબજેદાર તથા માલીકોએ ફાળે પડતો મેઈન્ટેનન્સ ખર્ચ ચોરસ ફુટ પ્રમાણે સોસાયટી જે નકકી કરે તે પ્રમાણે ચુકવવાનો/ભોગવવાનો રહેશે સહી. ઈમારતની જાળવણી કરવા તથા કોમન ફેસીલીટીઓની જાળવણી કરવા માટે મેઈન્ટેનન્સ ઉઘરાવી તથા તમામ ખર્ચાઓ અંગે બીજાપક્ષના જે સર્વિસ સોસાયટી બનાવે અને તેના સભાસદ બનવાનું પહેલાપક્ષનાએ ફરજીયાત છે અને તેના તમામ નિતી–નિયમો, ફેરફાર કે બદલાવ કરવામાં આવે તે તમામ તમો પહેલાપક્ષનાને બંધનકર્તા રહેશે સહી. અને જયા સુધી સર્વિસ સોસાયટી બને નહી ત્યાં સુધી બીજા પક્ષના ચોરસ ફુટ પ્રમાણે જે ૩ વર્ષનું મેઈન્ટેનન્સ તમો પહેલા પક્ષનાએ ફરજીયાત રીતે ચુકવી આપવાના રહેશે જે રકમ અમો સોસાયટી રજીસ્ટ્રેશન થયા બાદ અને સોસાયટી સોંપવાની થાય ત્યાં સુધીનો મેઈન્ટેનન્સના ખર્ચની રકમ બાદ કરીને બાકી રહેતી રકમ સોસાયટીને બીજાપક્ષનાં સુપ્રત કરી આપશે.

આજદિન બાદ કુદરતી આપત્તિઓ જેવી કે ધરતીકંપ, નદી કે વરસાદના પુર, આગ વાવાઝોડુ વિગેરે તથા માનવ સર્જિત આપત્તિઓ જેવી કે રમખાણો, તોફાનો, યુધ્ધ વિગેરેને કારણે બાંધકામને નુકશાન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી તમારી રહેશે સહી તથા તે અંગે અમારી પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈપણ રીતે કોઈપણ પ્રકારની આર્થિક, ટેકનીકલ કે કાયદાકીય જવાબદારી રહેશે નહી ગણાશે નહી. સદરહુ મિલકતનો કબજો સુપ્રત કર્યાની તારીખથી ૧ વર્ષ દરમ્યાન કોઈપણ પ્રકારનું લીકેજ થાય તો તેનું રીપેરીગ કરી/કરાવી આપવાની જવાબદારી અમારી રહેશે અને ૧ વર્ષ બાદ કોઈપણ પ્રકારના લીકેજ અંગે રીપેરીગની અમારી જવાબદારી રહેશે નહી. સદરહુ પાર્કિંગના જે ભાગમાં લીકેજ હોય તો તે પહેલા માળના જે તે સભ્યએ રીપેરીગ કરાવવાનું રહેશે તથા ટોપ ફલોર ઉપર ટેરેસમાં લીકેજ હોય તો સોસાયટીએ તથા કલબ હાઉસમાં લીકેજ હોય તો તે સોસાયટીએ રીપેરીગ કરાવવાનું રહેશે સહી.

સદરહુ બિલ્ડીગમાં આવેલ કોઈપણ ફલેટમાં ચાલતા ફર્નીચર કામ દરમ્યાન કોઈપણ એજન્સી તરફથી લીફટનો ઉપયોગ કરવાનો નથી. તેમજ જે કંઈ સામાન આવે તે દાદરથી જ ચઢાવવાનો રહેશે. તેમજ ફર્નીચર કામ સવારે ૮ થી સાંજે ૬ સુધીજ કરાવવાનું રહેશે અને એજન્સીના કારીગરો રાત્રે જે તે ફલેટમાં રોકાઈ શકશે નહી તથા તેઓ કેમ્પસની અંદર પાર્કિંગ કરી શકશે નહી ફર્નીચર કામ જે તે ફલેટની અંદરજ કરવાનું રહેશે. પેસેજ કે કોમન એરીયામાં કામ કરી શકાશે નહી. ફર્નીચર કામ ચાલુ કરાવતા પહેલા તમામ નળ, સીક, ઈલે. સ્વીચ બોર્ડ તેમજ હાર્ડવેર મટીરીયલ જેવા કે લોક, સ્ટોપર વિગેરે કપડા કે

FOR TRIYOM PALACE

PARTNER

કોથળીથી ઢાકવાના રહેશે. તેમજ ફ્લોરીંગને રબરશીટ કે પી.ઓ.પી. થી ઢાંકવાની રહેશે. તેમજ કોઈપણ જાતના માલ–સમાન ચઢાવતા કે ઉતારતા કોમન પેસેજ કે દાદર કે અન્ય જગ્યાને નુકશાન થાય તો તેનો રીપેરીંગ/ કલરકામ કરાવવાની જવાબદારી જે તે હોલ્ડર્સની રહેશે સહી.

સદરહુ બિલ્ડીંગના સભ્યોએ ભેગા મળી ફાયર સેફટી દર વર્ષે તથા લીફટનું લાયસન્સ દર પાંચ વર્ષે રીન્યુ કરાવવાનું રહેશે અને તેનો મેઈન્ટેનન્સ કરાવવાનું રહેશે અને ફાયર સેફટી સીસ્ટમ ચાલુ રહે તે અંગેનો બાંહેધરીપત્ર આપવાનો રહેશે. તેમજ દર પાંચ વર્ષે બિલ્ડીંગમાં બહારની સાઈડ રીપેરીંગ કલર કરવાનો રહેશે તેમજ સ્ટ્રકચર ડીઝાઈનર પાસે ચેક કરાવી તેમની સુચના મુજબ રીપેરીંગ કરાવવાનું રહેશે. તેમજ વાયરમેન, પ્લમ્બર, સુપરવાઈઝર, સફાઈ કોન્ટ્રાકટ, સર્વિસ બેઝ ઉપર રાખવાના રહેશે. તેમજ વરસાદી પાણીથી બોરવેલ રી–ચાર્જીંગ કરી શકાય તે હેતુ ચોમાસાની શરૂઆત પહેલા રી–ચાર્જીંગ સીસ્ટમ સર્વિસ કરાવી લેવાની રહેશે. તેમજ બિલ્ડીંગ અને કલબ હાઉસનો દર વર્ષે વીમો ઉતરાવી તેનું સમયસર પ્રિમીયમ ભરવાનું રહેશે સહી. સદરહુ કેમ્પસના તમામ હોલ્ડર્સનાં યુનિટોમાંથી ઉત્પન્ન થતો ઓર્ગેનીક વેસ્ટ સેગ્રીગેશન (ભીનો– ગ્રીન કલરની અને સુકો–બ્લ્યુ કલરની ડસ્ટબીનમાં એમ અલગ) કરીને સુરત મ્યુ.કોર્પોરેશનની સુચના મુજબ ડીસ્પોઝલ કરવાનો રહેશે. સદરહુ પ્રોજેકટ માટે પર્યાવરણ પ્રમાણપત્ર (EC) મેળવવામાં આવેલ છે જેમાં દર્શાવેલ નિયમોનું પાલન કરવાનું રહેશે. સદરહુ બિલ્ડીંગના ટેરેસ ઉપર એવીએશન (એરપોર્ટ એન.ઓ.સી.ના) નિયમ મુજબ એવીએશન લાઈટ સતત ચાલુ રહે તેની કાળજી દરેક સભ્યોએ રાખવાની રહેશે. સદરહુ "TRIYOM PALACE" નાં તમામ સભ્યોએ લાગુ પડતા વ્યકિતગત તેમજ સામૂહિક રીતે અમો તરફથી સૂચવેલા તેમજ સોસાયટી દ્વારા નકકી કરાયેલા અને સરકારે જાહેર કરેલા નિયમોનું પાલન કરવાનું રહેશે જેનું ઉલ્લંઘન કર્યે જે તે લાગુ સભ્ય અને સોસાયટી જવાબદાર રહેશે.

સદરહુ તમોને વેચાણ આપેલ મિલકત અંગે નકકી થનાર ૩ વર્ષના મેઈન્ટેનન્સ ચાર્જની રકમ પ્રતિ ચોરસ ફુટ પ્રમાણે તમોએ જમાં કરાવવાની રહેશે સહી જે રકમ અમો સોસાયટી રજીસ્ટ્રેશન થયા બાદ અને સોસાયટી સોપવાની થાય ત્યાં સુધીનો મેઈન્ટેનન્સના ખર્ચની રકમ બાદ કરીને બાકી રહેતી રકમ સોસાયટીને સુપ્રત કરી આપીશું.

સદરહુ **"TRIYOM PALACE"** નાં પ્રોજેકટનું બાંધકામ પુર્ણ થયા બાદ સુરત મહાનગર પાલિકા તરફથી બી.યુ.સી. મળ્યા બાદ જો કોઈ વધારાનાં એફ.એસ.આઈ. તથા ટેરેસ/અગાસીનાં હકકો મળે તો કો.ઓ. સોસાયટી/એસોસીએશનનાં રહેશે અને તેમાં કોઈપણ હકક કે અધિકાર પ્રમોટરનાં રહેશે નહી.

સદરહુ મિલકત તળે આવેલ ફાયનલ પ્લોટ નં. ૪૮ વાળી જમીનની ખાનગી રાહે ઓળખાણ માટે અમો વેચાણ આપનારે **"TRIYOM PALACE"** તરીકે નામ આપેલ છે જેમાં તમો વેચાણ રાખનારે કે બિલ્ડીંગના અન્ય સભ્યોએ કોઈ ફેરફાર કરવા કરાવવાનો નથી.

સમાંતરતા : આ દસ્તાવેજની કોઈપણ જોગવાઈ અથવા તે હેઠળ ઘડેલ નિયમો અને નિયમનો હેઠળ અથવા અન્ય કોઈ લાગુ પડતા કાયદાઓ હેઠળ રદ અને બીનઅસરકારક જણાય આવે તો દસ્તાવેજની તેવી જોગવાઈઓને દસ્તાવેજના હેતુ સાથે વ્યાજબી રીતે અસંગત

FOR TRIYOM PALACE

PARTNER

થાય તેમજ અધિનિયમ અથવા તે હેઠળ ઘડેલ નિયમો અને નિયમનો અથવા લાગુ પડતા કાયદા, જે લાગુ પડતુ હોય તેને અનુકુળ રહે તેટલી હદે સુધારેલ અથવા રદ કરેલ ગણવાની રહેશે અને દસ્તાવેજની બાકીની લાગુ પડતી જોગવાઈઓ દસ્તાવેજ કરતી વખતે યોગ્ય અને અસર કારક રહેશે.

વિવાદનું નિરાકરણ : આ દસ્તાવેજની બોલીઓ તથા શરત સંબીધ તથા તેને લગતી અથવા તેમાંથી ઉત્પન્ન થનાર તમામ વિવાદ જેમાં અર્થઘટન, શરતોની માન્યતા તથા સંબંધિત પક્ષકારોનાં હકક તથા જવાબદારીઓ વિગેરે બાબત અસર-પરસ સંમતિથી ઉકેલવામાં આવશે તથા તેમાં નિષ્ફળ નિવડે ત્યારે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ-૨૦૧૬ તથા તે હેઠળ નિયમો તથા વિનિમયોની જોગવાઈઓ હેઠળ નિમવામાં આવેલ સત્તા મંડળને મોકલવાની રહેશે.

સદરહુ મિલકતની કિંમત **રૂ...........**/- **(અંકે રૂપિયા ....)** પુરા છે જેથી આ વેચાણ દસ્તાવેજ **રૂ..........**/- **(અંકે રૂપિયા ....)** પુરાના ઈ-સ્ટેમ્પીગ ઉપર કરવામાં આવેલ છે. જેનો કારપેટ એરીયા મુજબનું ક્ષેત્રફળ : .... ચો.ફુટ તથા બિલ્ટઅપ એરીયા મુજબનું ક્ષેત્રફળ : .... ચો.મી. (સુપર બિલ્ટઅપ એરીયા મુજબનું ક્ષેત્રફળ : .... ચો.ફુટ) થાય છે. સદરહુ મિલકત અંગેના આ વેચાણ દસ્તાવેજના તમામ ખર્ચ જેવા કે સ્ટેમ્પ ખર્ચ, રજી. ફી, વકીલ ફી વિગેરે તમોએ ભોગવેલ છે.

સદરહુ મિલકતની બજાર કિંમત સરકારશ્રી તરફથી નકકી કરવામાં આવેલ જંત્રી પ્રમાણે કાયદેસર રીતે નકકી કરવામાં આવેલ છે. તેમ છતાં ભવિષ્યમાં જો સ્ટેમ્પ ડયુટી વેલ્યુએશન એકટ મુજબ જો કોઈ વધારાની સ્ટેમ્પ ડયુટી ભરવાની આવે તો તે તમોએ ભરપાઈ કરવાની રહેશે સહી અને તમો જે કંઈ વધારાની રકમ સ્ટેમ્પ ડયુટી પેટે ભરપાઈ કરો તો તેના આધારે કોઈ વધારાની રકમ અમોને અવેજ તરીકે મળેલ ગણાશે નહી.

-:: પરિશિષ્ટ ::-

-:: વેચાણ આપેલ મિલકતની વિગત ::-

સુરત ડીસ્ટ્રીકટ મજુરા સબ-ડીસ્ટ્રીકટના **મોજે : વેસુ**ના જુનો સર્વે નં. ૧૪૪, રી-સર્વે નં. ૮૩ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ : ૮૭૦૦-૦૦ ચો.મી. છે તે જમીન કે જેને ટી.પી. સ્કીમ નં. ૨ (વેસુ-ભરથાણા-વેસુ) લાગુ પડતા ફાયનલ પ્લોટ નં. ૪૮ ફાળવવામાં આવેલ છે અને જેનું ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ : ૬૩૧૫-૦૦ ચો.મી. થયેલ છે તે બીનખેતીની જમીનમાં બાંધવામાં આવેલ **"TRIYOM PALACE"** ના **બિલ્ડીંગ નં.........** ના **.........** **માળ** ઉપર આવેલ **ફલેટ નં..........** વાળી મિલકત કે જેનો બીલ્ટઅપ એરીયા : .... ચો.મી. અને કારપેટ એરીયા : .... ચો.મી. છે તથા તેમાં આવેલ બાલ્કની એરીયા .... ચો.મી. તથા પાર્કીંગ એરીયા .... ચો.મી. છે તે મિલકત તથા બિલ્ડીંગ તળેની જમીનમાં ફાળે પડતા વણ વહેંચાયેલા હિસ્સાની .... ચો.મી. જમીન સહીતની મિલકત તે માહેના તથા બહારના તમામ હકકો સહિતની મિલકત. જેની ચતુરસીમાં નીચે મુજબ છે.

FOR TRIYOM PALACE

PARTNER

ઉત્તરે	:–	લાગુ
દક્ષિણે	:–	લાગુ
પૂર્વે	:–	લાગુ
પશ્ચિમે	:–	લાગુ

એણિ વિગતનો આ વેચાણ દસ્તાવેજ અમો વેચાણ આપનારે આજરોજ અમારી રાજીખુશીથી અને સ્વેચ્છાએ તનમનની સ્વસ્થ હાલતમાં વાંચી, વંચાવી, સમજી, સાંભળી, વિચારી કોઈના કોઈપણ પ્રકારના દાબ દબાણ કે ધાક ધમકીમાં આવ્યા વગર કરી આપેલ છે, જે અમોને પોતાને તથા વખતો વખતના ભાગીદારો, વંશવાલી વારસો, ટ્રાન્સફરી, એસાઈની, એક્ઝીકયુટર્સ, એડમીની સ્ટ્રેટર્સ, સકસેસર્સ ઈત્યાદી તમામને કબુલ મંજૂર અને બંધનકર્તા છે સહી અને રહેશે સહી.

અત્રે...............................મતુ તત્રે...............................શાખ

TRIYOM PALACEના ભાગીદારો

_____________________________ _____________________________

FOR TRIYOM PALACE

PARTNER